03.06.2026

SUPREME COURT OF INDIA

SAMADHAN SAMAROH, 2026

(Special Lok Adalat at Supreme Court of India)

NOTICE

It is hereby notified that the last date for filling out the Google Form (for Litigants/AORs) for the submission of their cases under **SAMADHAN SAMAROH** has been extended to **31st July, 2026**.

By Order of Monitoring Committee,
SAMADHAN SAMAROH
Supreme Court of India

ભારતની સર્વોચ્ચ અદાલત

સમાધાન સમારોહ , ૨૦૨૬

(સુપ્રીમ કોર્ટ ખાતે ખાસ લોક અદાલત)

ન્યાયને સરળ, સુલભ અને નિશુલ્ક બનાવવા તથા દરેક વ્યક્તિ સુધી ન્યાય વ્યવસ્થાને સરળતાથી પહોંચાડવા માટે, તેમજ પરસ્પર સમજૂતી અને સમાધાન દ્વારા વિવાદોના ઝડપી નિરાકરણને પ્રોત્સાહન આપવા ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા “સમાધાન સમારોહ – ૨૦૨૬”નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમારોહ તારીખ 21 મી એપ્રિલ ૨૦૨૬ ના રોજ થી શરુ થયેલ છે. આ સમારોહ ૨૧, ૨૨ અને ૨૩ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ ખાસ લોક અદાલતના આયોજન સાથે સમાપ્ત થશે.

આ ખાસ લોક અદાલતનો મુખ્ય હેતુ મૈત્રીપૂર્ણ (સૌહાર્દપૂર્ણ) સમાધાનની પદ્ધતિ/પ્રક્રિયા દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ રહેલા કેસોમાં પરસ્પર સંમતિથી વિવાદોના નિરાકરણને વધુ સરળ અને ઝડપી બનાવવાનો છે.

<u>ભાગ લેવા આમંત્રણ</u>

આ કાર્યક્રમમાં તમામ વકીલો, અરજદારો તથા હિતધારકોને સહર્ષ ભાગ લેવા અને વિવાદોના સૌહાર્દપૂર્ણ નિરાકરણમાં સહયોગ આપવા વિનંતી કરવામાં આવે છે. પક્ષકારો પોતાના કેસના સમાધાન માટે ઑનલાઇન પ્લેટફોર્મ દ્વારા અથવા વ્યક્તિગત રીતે પણ જોડાઈ શકે છે.

<u>નોંધણી કરવાની પ્રક્રિયા</u>

પક્ષકારો અથવા તેમના વકીલો નિર્ધારિત ગૂગલ ફોર્મ ભરીને પોતાની અરજી નોંધાવી શકે છે:
ગુગલ ફોર્મ લિંક: https://forms.gle/jqxefqF4BCWzukoP6

આ ફોર્મ ભારતની સર્વોચ્ચ અદાલતની વેબસાઇટ https://www.sci.gov.in/ પર પણ ઉપલબ્ધ છે

<u>ગુગલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ: ૩૧ મે, ૨૦૨૬</u>

તમામ પ્રકારની સહાય/માહિતી માટે, સંપર્ક કરો:

સમાધાન સમારોહ (ખાસ લોક અદાલત) માટે વન સ્ટોપ સેન્ટર (વોર રૂમ) ઇન્ચાર્જ સંપર્ક નંબર: ૦૧૧-૨૩૧૧૨૪૨૮, ૦૧૧-૨૩૧૧૨૫૨૮

વન સ્ટોપ સેન્ટર (રૂમ નં. ૮૦૬ અને ૮૦૮, બી બ્લોક, એડિશનલ બિલ્ડીંગ કોમ્પ્લેક્ષ, સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા) લેન્ડલાઇન નં.: ૦૧૧-૨૩૧૧૬૪૬૪, ૦૧૧-૨૩૧૧૬૪૬૫

ડિરેક્ટર, સી.આર.પી.નો સંપર્ક નંબર: ૦૧૧-૨૩૧૧૫૬૫૨

ઇમેઇલ: speciallokadalat2026@ sci.nic.in

તમે નજીકના જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળ અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તા મંડળ નો પણ સંપર્ક કરી શકો છો.

આ આયોજન ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા જનહિતમાં કરવામાં આવી રહ્યું છે.